# સાતમા વેતનપંચ માટેનો તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્ર સરકાર તેના ૫૦ લાખથી વધુ કર્મચારીઓના પગારમાં સુધારા કરવાના હેતુસર સાતમાં વેતનપંચની રચના કરવાની તૈયારીમાં છે. આના માટે કેન્દ્ર સરકારે કમરકસી લીધી છે. સાતમાં વેતનપંચની રચના કરવા માટે કેબિનેટ દરખાસ્ત ટૂંક સમયમાં તૈયાર કરી લેવામાં આવશે. મે ૨૦૧૪માં યોજાનારી આગામી સામાન્ય ચૂંટણીની પ્રક્રિયાની શરૂઆત પહેલા સાતમી વેતનપંચની રચના કરવા દરખાસ્ત તૈયાર થઈ જશે. નાણાં મંત્રાલય દ્વારા કેબિનેટ દરખાસ્ત તૈયાર કરવા પર કામ ચાલી રહ્યુ છે. આ દરખાસ્તને આગામી થોડાક દિવસમાં વિચારણા માટે હાથ ધરવામાં આવશે. ઉપલબ્ધ માહિતી મુજબ સરકારે ચૂંટણી પહેલા સાતમા વેતનપંચની રચના કરવાની યોજના ઘડી કાઢી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ આ સંદર્ભમાં મંજુરી માટે બીજી પૂરક માંગમાં ૩.૫ કરોડ રૂપિયાની નવી જોગવાઈ કરવામાં આવી છે. તાજેતરમાં જ પૂર્ણ થયેલા શિયાળુ સત્રમાં સંસદ દ્વારા આને મંજુરી આપવામાં આવી હતી. આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં નાણાં પ્રધાન પી ચિદમ્બરમે જાહેરાત કરી હતી કે વડાપ્રધાન મનમોહનસિંહે સાતમા વેતનપંચની રચનાને લીલીઝંડી આપી દીધી છે. આ જાહેરાત મુજબ પંચને બે વર્ષમાં તેનો અહેવાલ સુપ્રત કરવાનો રહેશે. જાન્યુઆરી ૨૦૧૬થી ભલામણોને અમલી બનાવવામાં આવશે. પંચની ભલામણોમાં વ્યાપક વિચારણા કરવામાં આવશે. જો કે આ જાહેરાત બાદ કમિશનની રચના કરવા માટે કેબિનેટ સમક્ષ કોઈ વિધિવત દરખાસ્ત આવી નથી. વ્યવસ્થા મુજબ સુપ્રીમકોર્ટના ભૂતપૂર્વ જજના નેતૃત્વમાં પંચમાં અન્ય બે સભ્યોને સામેલ કરવામાં આવશે. આ સભ્યો નિષ્ણાંતો અને અધિકારીઓ હશે. દરમિયાન સરકારે રિયાટર્ડમેન્ટ ફંડ બોડી એમ્પ્લોઈસ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશન દ્વારા ચલાવવામાં આવતી એમ્પ્લોઈસ પેન્શન સ્કીમ ૧૯૯૫ (ઈપીએસ-૯૫) હેઠળ દર મહિને ૧૦૦૦ રૂપિયાના લઘુત્તમ પેન્શનને લીલીઝંડી આપી દીધી છે. સરકારે ઈપીએફઓ દ્વારા ચલાવવામાં આવતી સ્કીમો હેઠળ આવરી લેવામાં આવેલી સામાન્યમાં ખાનગી સેકટરના વર્કરો માટે પીએફના કપાત માટે પ્રવર્તમાન ૬૫૦૦ના બદલે મહિને ૧૫૦૦૦ની મર્યાદાને પણ મંજુરી આપી છે.



## એડવાન્સ ટિકિટ વેચાણનો ધૂમ-૩એ નવો રેકોર્ડ સર્જ્યો

મુંબઈ,તા. ૧૯

આમિરખાનની નવી ફિલ્મ ધૂમ-૩ રજુ થઈ નથી ત્યારે આ ફિલ્મની સફળતાની ચર્ચા શરૂ થઈ ચુકી છે. રજુઆત પહેલા જ આ ફિલ્મને સલમાન ખાનની એક થા ટાઈગર ફિલ્મના રેકોર્ડને તોડી ચૂકી છે. ફિલ્મના એડવાન્સ ટિકિટ વેચાણ સાથે નવા રેકોર્ડ સર્જાઈ ગયા છે. નામની સાથે જ આ ફિલ્મ સફળ થઈ ગઈ છે. સોમવારના દિવસે એડવાન્સ બુકિંગ શરૂ થયા બાદથી આ ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જો ફિલ્મ પંડિતોની વાતમાં વિશ્વાસ કરવામાં આવે તો ધૂમ-૩ એકથા ટાઈગરના રેકોર્ડને તોડી ચુકી છે. એક થા ટાઈગર ફિલ્મે અગાઉ હાઈએસ્ટ ઓનલાઈન એડવાન્સ બુકિંગ રેકોર્ડ સર્જ્યો હતો જે ધૂમ-૩ ફિલ્મે તોડી દીધો છે. કેટરિના કૈફ અને આમિરખાનની આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા છે. ચોક્કસ મલ્ટિપ્લેક્સમાં ટિકિટની કિંમત ૮૦૦ રૂપિયા સુધી પહોંચી છે. ધૂમ-૩ને ઉંચી કિંમત હોવા છતાં સારો પ્રતિસાદ મળ્યો છે. ૨૦૧૩માં સૌથી મોટી ફિલ્મ રજુ કરાઈ છે. વિદેશી માર્કેટમાં પણ આ ફિલ્મ સફળતાના રેકોર્ડ સર્જી રહી છે. ભારતની બહાર ૭૦૦ સ્ક્રીનમાં આ ફિલ્મ રજુ થવા જઈ રહી છે. આમિરખાન આ ફિલ્મના સંબંધમાં કેટલાક કાર્યક્રમો યોજી ચુક્યો છે. ધૂમ સિરિઝની ફિલ્મો અગાઉ પણ બોક્સઓફિસ પર સફળ થઈ હતી. ધૂમની ટીમ જુદા જુદા મંચ પર પ્રચાર માટે પહોંચી હતી. આ ફિલ્મ જંગી રકમ સાથે ખર્ચ કરવામાં આવી છે જેથી નવી ટેકનોલોજીનો આમાં ઉપયોગ કરાયો છે. વર્ષ ૨૦૧૩માં બે મોટી ફિલ્મો રજુ થઈ છે જે ૨૦૦ કરોડથી વધુની કમાણી કરી ચુકી છે. આ ફિલ્મમાં શાહરુખખાનની ચેન્નાઈ એક્સપ્રેસ અને રિતિક રોશનની ક્રિસ-૩ ફિલ્મનો સમાવેશ થાય છે. ધૂમ આ બંને ફિલ્મોના રેકોર્ડને તોડશે કે કેમ તેને લઈને પહેલાથી જ ચર્ચા છે.

## તીવ્ર વેચવાલી વચ્ચે ફરીથી ૧૫૧ પોઈન્ટનો ઘટાડો થયો

મુંબઈ,તા. ૧૯

સ્ટીમ્યુલસ પેકેજમાં કાપ મૂકવાની અમેરિકી ફેડરલની જાહેરાતની સીધી અસર થશે તેવી દહેશત વચ્ચે આજે શેરબજારમાં મોટો કડાકો બોલી ગયો હતો. આરબીઆઈની પોલીસી સમીક્ષાના દિવસે શેરબજારમાં તેજીના એક દિવસ બાદ આજે ફરી એકવાર બજારમાં મંદી રહી હતી. કારોબારના અંતે બેંચમાર્ક સેન્સેક્સ ૧૫૧ પોઈન્ટ ઘટીને નીચી સપાટીએ બંધ રહ્યો હતો. બેંકિંગ, કેપિટલ ગુડ્સ અને પાવર શેરમાં વેચવાલી જોવા મળી હતી. ફેડરલ ઓપન માર્કેટ કમિટીએ ગઈ કાલે માસિકરીતે બોન્ડ ખરીદીમાં આગામી મહિનાથી કાપ મૂકવાની જાહેરાત કરી હતી. ૮૫ અબજ ડોલરની સરખામણીમાં ૭૫ અબજ ડોલર સુધી માસિક બોન્ડ ખરીદીમાં કાપ મૂકવાના નિર્ણય બાદ દહેશતની સ્થિતિ બજારમાં સર્જાઈ હતી. શેરબજારમાં ગઈકાલે તેજી રહી હતી પરંતુ આજે ફરી એકવાર મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. ૩૦ શેર ઈન્ડેક્સમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈટીસી, એચડીએફસી બેંક, લાર્સન એન્ડ ટુબ્રોના નેતૃત્વમાં કડાકો બોલી ગયો હતો. ઈમર્જીન માર્કેટના અર્થતંત્ર હાલમાં દુવિધાભરી સ્થિતિમાં છે. અમેરિકી બજાર પર તમામની નજર કેન્દ્રિત થઈ છે. સરકાર ઉભરી રહેલી સ્થિતિને હાથ ધરવા વધુ પગલા લેશે તેવી વાત કરીને ચિદમ્બરમે સ્થિતિને સૂધારવાના પ્રયાસ કર્યા હતા. ગઈકાલે સેન્સેક્સમાં છ દિવસથી ચાલતી મંદી પર બ્રેક મુકાઈ હતી અને ૨૪૮ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો કારણ કે આરબીઆઈએ પોલીસી રેટ યથાવત રાખ્યા હતા નેશનલ સ્ટોક એક્સચેન્જ નિફ્ટીમાં ૫૧ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો આની સાથે જ તેની સપાટી ૬૧૬૭ નોધાઈ હતી. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો બેકિંગ સેક્ટર ઈન્ડેક્સમાં સૌથી વધુ ૨.૪૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં ૧.૫૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૧.૨૩ ટકા, પાવર ઈન્ડેક્સમાં ૧.૦૨ ટકાનો ઘટાડો રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે શેરબજારમાં છેલ્લા છ દિવસથી ચાલી રહેલી મંદી ઉપર ગઈકાલે બ્રેક મુકાઈ હતી. આરબીઆઈએ તેની મધ્યત્રિમાસીક નાણાકીય નિતી સમીક્ષા જારી કરતીવેળા વ્યાજદરને યથાવત રાખવાનો નિર્ણય કરતા તેની હકારાત્મક અસર શેરબજાર પર જોવા મળી હતી અને સેન્સેક્સમાં મોટો ઉછાળો આવ્યો હતો. રિઝર્વ બેંકના આ નિર્ણયથી ખુશીનું મોજું ફરી વળ્યું હતું. ગઈકાલે કારોબારના અંતે સેન્સેક્સમાં ૨૪૮ પોઈન્ટનો ઉછાળો નોંધાતા તેની સપાટી ૨૦૮૬૦ ઉપર પહોંચી ગઈ હતી. જ્યારે નિફ્ટી ૭૮ પોઈન્ટ સુધરીને ૬૨૧૭ની સપાટીએ રહ્યો હતો.

## મોદીની વારાણસી રેલીમાં આજે લાખો લોકો પહોંચશે

નવી દિલ્હી,તા. ૧૯

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વારાણસીમાં રેલીને સંબોધન કર્યા બાદ શહેરના બે પ્રાચિન મંદિર કાશી વિશ્વનાથ અને સંકટમોચનના દર્શન માટે જવા માટેની તૈયારી કરી ચુક્યા છે. વારાણસીમાં નરેન્દ્ર મોદી આવતીકાલે રાજા તાલાબની પાસે ભવ્ય રેલી યોજનાર છે. મોદીની રેલીને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

ઉત્તરપ્રદેશ વહીવટી તંત્રની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. નરેન્દ્ર મોદીને મંદિરમાં દર્શન કરવાની મંજુરી આપવાને લઈને પણ તર્ક વિતર્કો ચાલી રહ્યા છે. જિલ્લા વહીવટી તંત્રએ અપીલ કરી છે કે રેલી સંબોધવા માટે તેઓ પહોંચે ત્યારે શહેરના બે પ્રાચીન મંદિરમાં દર્શન કરવા માટે ન પહોંચે. વહીવટી તંત્રને લાગે છે કે રેલીમાં પહોંચનાર લાખો લોકોની ભીડને સંભાળવા માટે પોલીસને તકલીફ



પડશે. રેલીના દિવસે જૂમ્માની નમાઝનો પણ દિવસ છે. આવી સ્થિતિમાં વહીવટી તંત્રને સાંપ્રદાયિક હિંસાની પણ દહેશત દેખાઈ રહી છે. મોદીએ નિર્ણય કર્યો છે કે રેલીને સંબોધન કર્યા બાદ તેઓ કાશીના બે પ્રાચીન મંદિરમાં જઈને દર્શન કરશે અને લોકસભા ચૂંટણીમાં ભાજપની જીત માટે આશિર્વાદ લેશે. નરેન્દ્ર મોદીના વિસ્તૃત કાર્યક્રમની માહિતી ગઈ કાલે સાંજે જિલ્લા વહીવટી તંત્રને મળી હતી. આમા મોદીના કાશી વિશ્વનાથ મંદિર અને સંકટ મોચન મંદિર દર્શનનો ઉલ્લેખ હોવાથી તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. મોદીની રેલીને લઈને પોલીસે તૈયારી શરૂ કરી લીધી છે. પક્ષ દ્વારા પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે રેલીને સંબોધન કર્યા બાદ મોદી બંને મંદિરોમાં દર્શન કરવા જશે. ભાજપના પ્રદેશ પ્રવક્તા બહાદુર પાઠકે કહ્યુ છે કે મોદી વારાણસીમાં રેલી સંબોધ્યા બાદ બંને મંદિરોમાં જશે. તેમની સાથે મોટી સંખ્યામાં નેતાઓ પણ જોડાશે. મોદીની રેલીમાં આશરે ત્રણ લાખ લોકો પહોંચનાર છે. અત્રે ઉલ્લેખનીય છેકે બંને ધાર્મિક સ્થળ પર અગાઉ આતંકવાદી હુમલા થઈ ચુક્યા છે. સંકટ મોચન મંદિર સંકુલમાં બ્લાસ્ટ થઈ ચુક્યો છે જ્યારે કાશી વિશ્વનાથ મંદિર નજીક ઘાટ પર પણ આતંકવાદી હુમલો થઈ ચુક્યો છે. વારાણસીના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ પ્રાંજલ યાદવે આ બંને મંદિરમાં ન જવા મોદીને કહ્યુ છે.

## દેવયાની મુદ્દે અમેરિકા માફી માંગે: કમલનાથ

નવી દિલ્હી,તા. ૧૯

ન્યૂયોર્કમાં ભારતીય મહિલા ડિપ્લોમેટ દેવયાની ખોબરાગઢેની ધરપકડ અને ત્યારબાદ તેમની સાથે કરવામાં આવેલા અયોગ્ય વર્તનને લઈને ભારત સરકાર ખૂબજ આક્રમક વલણ અપનાવી રહ્યુ છે. અમેરિકાના વિદેશ મંત્રી જ્હોન કેરી દ્વારા દુઃખ વ્યક્ત કરવામાં આવ્યા બાદ પણ ભારત આ બાબતને લઈને હજુ સંતુષ્ટ નથી. સંસદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ છે કે દેવયાનીના મામલામાં અમેરિકા માફી માંગશે તો



જ ભારતને રાહત થશે. માફી ઓછી કોઈ બાબતને ભારત સ્વીકારશે નહીં. ભારતે આજે તેનું વલણ વધુ કઠોર બનાવીને સ્પષ્ટ કહ્યુ હતુકે આ મામલામાં અમેરિકાના માફીનામાથી ઓછુ ચલાવી લેવાશે નહીં. ભારત અમેરિકા માફી માંગશે અને પોતાની ભૂલ સ્વીકારશે તો જ ભારતને સંતુષ્ઠી મળશે. બીજી બાજુ અમેરિકી વિદેશ મંત્રી જ્હોન કેરી વિદેશમંત્રી સલમાન ખુરશીદ સાથે વાતચીત કરવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. ભારત સરકારે અમેરિકાના સરકારી પ્રોસિક્યુટર પ્રિત ભરારા દ્વારા દેવયાનીની ધરપકડને યોગ્ય ઠેરવવા પર પણ જવાબી હુમલો કર્યોહતો. ભારતે અમેરિકા પર આક્ષેપ કર્યો છે કે અમેરિકી વહીવટી તંત્રએ લાપત્તા થયેલી નોકરાણીના સંદર્ભમાં લખવામાં આવેલા અનેક પત્રો પર કોઈ કાર્યવાહી કરી નથી. ભારતમાં જન્મેલી સરકારી પ્રોસિક્યુટર પ્રિત ભરારાએ ૧૨મી ડિસેમ્બરના દિવસે દેવયાનીની ધરપકડને યોગ્ય ઠેરવી હતી. ભરારાએ નોકરાણી સંગિતા રિચર્ડના પરિવારને કાઢીને અમેરિકા લાવવાના અહેવાલનો સમર્થન આપ્યુ હતુ સાથેસાથે દાવો કર્યો હતો કે ભારતમાં નોકરાણીના પરિવારના સભ્યોને શાંત રહેવા દબાણ લાવવામાં આવી રહ્યુ છે. ભારતીય દૂતાવાસે કહ્યુ છેકે તંત્ર દ્વારા નોકરાણી અંગે માહિતી મેળવવા અને દેવયાનીને નોકરાણી દ્વારા બ્લેકમેલિંગ કરવાના સંદર્ભમાં ઘણા પત્રો લખ્યા હતા. ભારત હવે વધુ આક્રમક દેખાઈ રહ્યુ છે. બીજી બાજુ દેવયાનીની ધરપકડ અને તેમને શરાબી લોકો સાથે જેલમાં રાખવાના અહેવાલોને અયોગ્ય ઠેરવીને કહ્યુ છેકે ડિપ્લોમેટ સાથે યોગ્ય વર્તન કરાયુ હતુ. ફોન કોલની મંજુરી પણ અપાઈ હતી.

### સમાચાર ઝલક

- ગાંધીધામમાં દબાણ હટાવતાં પોલીસ ઇન્સ્પેક્ટરને પથ્થરમારાથી ઇજા.
- દમણ-દીવનો ૫૪મો મુક્તિ દિવસ ધામધૂમ ઉજવાયો.
- કેપ્ટન નાવિક સુનિલ જેમ્સની ચાર મહિના બાદ વિદેશ મંત્રાલયની દરમિયાનગીરીથી મુક્તિ.
- ધિરાણ તથા થાપણ પરનાં વ્યાજમાં હાલમાં કોઇ ફેરફાર થશે નહીં.
- મુઝફ્ફરનગરમાં ચાલતા રાહત શિબિરમાં બાળકોનાં ઠંડી અને ભૂખને કારણે થયેલા મોતની તપાસ માનવ અધિકાર પંચ કરશે.
- ભારત-અમેરિકાના સંબંધો પર અસર નહી પડે : અમેરિકા
- ગુજરાતને સસ્તો સીએનજી ગેસ મળવાની તૈયારી.
- બજારમાં શેરબજારની મંદી તથા રૂપિયો નબળો પડ્યો.
- વલસાડમાં ખાદ્ય કંપનીના કર્મચારીઓ હડતાલ પર.
- વિધવાના પહેલા પતિની રહેલની મળતી રકમ પુનઃલગ્ન કરવાથી બંધ ના થઇ શકે : મુંબઇ હાઇકોર્ટ.
- ડુંગળીના ભાવ ઘટતા ખેડૂતોએ નાસિકમાં ટ્રાફિક જામ કર્યો.
- કચ્છમાં રાત્રીનાં તાપમાનમાં ઘટાડો થયો.
- જમ્મુમાં ૭ વર્ષના બાળકની હત્યા, નરબલિ ચઢાવવાની શંકા.
- સુરતના વેપારીના પુત્રના અપહરણમાં બિહાર સરકારના નેતા અને ત્યાંની પોસીલની સંડોવણી.
- ભાવનગર પંથકમાં રોગનિદાન કેમ્પ દ્વારા ગરીબો સાથે છેતરપીંડી.
- મેરઠમાં બાળ રિમાન્ડ ગૃહમાંથી ૪૦ બાળકો ફરાર.
- આર.એસ.એસ.ના મોહન ભાગવતે લાલકૃષ્ણ અડવાણી લિખિત પુસ્તકનું વિમોચન કર્યું.
- કડી તાલુકામાં ૭૪ ગામોને ત્રણ દિવસ પાણી નહીં મળે.

**ગૃહપ્રધાન સુશીલ શિંદેએ દાવો કર્યો**

## પટના-બોધગયા બ્લાસ્ટ કેસોને ઉકેલી લેવાયા છે

નવી દિલ્હી,તા. ૧૯

ગૃહ પ્રધાન સુશીલકુમાર શિંદેએ આજે કહ્યુ હતુકે પટના અને બોધગયા પાસે થયેલા મલ્ટિપલ બ્લાસ્ટના કેસોને ઉકેલી લેવામાં આવ્યા છે. ૨૭મી ઓક્ટોબરના દિવસે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની પટના રેલી પહેલા સિરિયલ બ્લાસ્ટ થયા હતા. પટનામાં થયેલા આ સિરિયલ બ્લાસ્ટમાં સાત લોકોના મોત થયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા પટના સિરિયલ બ્લાસ્ટમાં તપાસ કરવામાં આવી હતી. બીજી બાજુ સાતમી જુલાઈના દિવસે બોધગયામાં ૧૦ બોમ્બ બ્લાસ્ટ થયા હતા જેમાં બે બૌદ્ધ સાધુઓ ઘાયલ થયા હતા. ત્રણ જીવીત બોમ્બ પણ મળી આવ્યા હતા તથા તેમને નિષ્ક્રિય કરાયા હતા જો કે સુશીલકુમાર શિંદેએ પટના અને બોધગયામાં થયેલા બ્લાસ્ટ કેસોને ઉકેલીને કઈ સફળતા હાંસલ કરવામાં આવી છે તે અંગે કોઈ પણ પ્રકારની માહિતી આપી ન હતી. બને બ્લાસ્ટથી દેશભરમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ અને ઉંડી તપાસ પણ હાથ ધરાઈ હતી.

## દિલ્હી : સરકાર રચવા આમ આદમી પાર્ટી પર હવે દબાણ

નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્ર સરકારે દિલ્હીમાં સરકારની રચનાને લઈને આમ આદમી પાર્ટી પર દબાણ વધારવાનું શરૂ કર્યુ છે જેના ભાગરૂપે ગૃહમંત્રાલયે હવે દિલ્હીમાં સરકાર બનાવવા માટે કેટલો સમય લાગશે તેવો પ્રશ્ન આમ આદમી પાર્ટીને કરવા દિલ્હીના ઉપરાજ્યપાલને અપીલ કરી છે. ગૃહમંત્રાલયનું કહેવું છે કે સમય મર્યાદા અંગે માહિતી મળી ગયા બાદ જ સરકાર રાષ્ટ્રપતિ શાસનના સંદર્ભમાં નિર્ણય લઈ શકે છે.

દિલ્હીમાં આમ આદમી પાર્ટી સરકાર બનાવશે કે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવશે તેને લઈને



સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. આમ આદમી પાર્ટીએ સરકાર બનાવવા માટે રવિવાર સુધી લોકોના અભિપ્રાય માંગ્યા છે જેના પર સોમવાર સુધી ફેંસલો કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે દિલ્હીમાં તાજેતરમાં જ ચૂંટણી યોજાઈ હતી પરંતુ સરકારની રચના હજુ થઈ શકી નથી. હવે સરકાર બનાવવાના મોટા પ્રશ્નો પર આમ આદમી પાર્ટી દ્વારા પહેલા લોકોનો અભિપ્રાય લેવામાં આવી રહ્યો છે. રાજકારણના આ નવા તરીકાને લઈને લોકો પ્રશ્નો ઉઠાવી રહ્યા છે પરંતુ જવાબ ખૂબ ઝડપથી આવી રહ્યા છે. ૧૦ લાખ લોકો પોતાના અભિપ્રાય આપી ચુક્યા છે. આમ આદમી પાર્ટી હવે પોતાના તરીકાથી ચૂંટણી કરાવી રહી છે. ૨૫ લાખ લોકોને પ્રશ્ન કરવામાં આવ્યો હતો કે લઘુમતિ સરકાર આમ આદમી પાર્ટીએ બનાવવી જોઈએ કે કેમ ૧૦ લાખ લોકોના જવાબ આવી ચુક્યા છે. આવી સ્થિતિમાં સોમવાર સુધી આ ફેંસલો થશે. બીજી બાજુ જાણકાર લોકો લોકોને પ્રશ્ન પુછવાના તરીકા સામે પણ પ્રશ્ન કરી રહ્યા છે.

## બાસીત ભારતમાં નવા પાકિસ્તાની દૂત રહેશે

ઇસ્લામાબાદ,તા.૧૯

પાકિસ્તાને આજે ભારતમાં તેના નવા હાઈકમિશનર તરીકે અબ્દુલ બાસીતની નિમણૂંક કરી હતી. કેરિયર ડિપ્લોમેટ અબ્દુલ બાસીતની વિધિવતરીતે નિમણૂંક કરવામાં આવી છે. ૫૫ વર્ષીય બાસીત વિદેશ સચિવ બનશે તેવી અટકળો ચાલી રહી હતી પરંતુ સરકારે સૂચિત નિમણૂંકોમાં કેટલાક ફેરફારો કર્યા હતા. સરકારે શરૂઆતમાં નવી દિલ્હીમાં નવા દૂત તરીકે સૈયદ અબ્બાસનું નામ સૂચવ્યુ હતુ પરંતુ અંતે આ નામ પાછુ ખેંચાયુ હતુ. મહત્વના હોદ્દા પર તેમની નિમણૂંક યોગ્ય રહેશે નહીં તેવો મત નિષ્ણાંતોએ વ્યક્ત કર્યો હતો. બાસીત ટૂંકમાં જ તેમની જવાબદારી સંભાળશે.

**વ્યવસ્થામાં ફેરફાર માટે સમય હજુ સમય લાગશે**

## પહેલી જાન્યુઆરીથી ખરાબ નોટ ન ચલાવવાનો નિર્ણય

નવી દિલ્હી,તા.૧૯

પહેલી જાન્યુઆરીથી ખરાબ નોટને ચલાવી લેવામાં આવશે નહીં. નોટ



ઉપર સ્લોગન લખવાની બાબત, ગણતરી કરવાની બાબત અનેક ટેલિફોન નંબર લખવાની બાબત ભારે પડી શકે છે. બેંકોએ નિર્ણય કર્યો છે કે આ પ્રકારના ખરાબ નોટને નવા વર્ષથી સ્વીકારવામાં આવશે નહીં. અલબત્ત બેંકર્સનું કહેવું છે કે આ વ્યવસ્થામાં ફેરફારમાં સમય લાગશે. આના માટે લોકોને પોતે જાગૃત થવું પડશે. ભારતીય રિઝર્વ બેંકના નિર્દેશ હેઠળ બેંક શાખાઓમાં આવનાર ગ્રાહકોને નોટ પર કોઈપણ પ્રકારના લખાણના સંબંધમાં જાગૃત કરવામાં આવી રહ્યા છે. બેંક શાખાઓમાં આ પ્રકારની સૂચનાઓ પણ લગાવવામાં આવી છે જેના પર રિઝર્વ બેંકના આદેશોનો હવાલો આપીને જણાવવામાં આવ્યું છે કે ખરાબ નોટને ચલાવી લેવામાં આવશે નહીં. બેંક સ્ટાફને પણ કઠોર સૂચના આપવામાં આવી છે. પહેલી જાન્યુઆરીથી નોટની બંને બાજુએ પેન્સીલ અથવા પેનથી લખવામાં આવેલા નોટને ચલાવી લેવામાં આવશે નહીં. બેંક કર્મચારી પોત પણ કાંઈ લખશે નહીં. આરબીઆઈ નોટની ચલણની અવધીને વધારવા માટે સમય સમયે સૂચના આપી રહી છે. આરબીઆઈએ કહ્યું છે કે વારંવાર સૂચના અપાયા બાદ હવે આ દિશામાં બેંકો આગળ વધશે. બેંકો માને છે કે કાગળના નોટનો યોગ્ય રીતે ઉપયોગ નહીં થવાની સ્થિતિમાં આ નોટ જલ્દીથી ખરાબ થઈ જાય છે જેનાથી નવી નોટ જારી કરવામાં આવે છે. કેન્દ્રીય બેંકે નોટોના યોગ્ય ઉપયોગ કરવા અને તેની અવધી વધારવા માટે ૭મી નવેમ્બર ૨૦૦૧ના દિવસે ક્લીન નોટ પોલીસી લોન્ચ કરી હતી જેને ૨૦૧૪થી અમલી બનાવવામાં આવનાર છે. રિઝર્વ બેંક ઈચ્છે છે કે નોટની લાઈફ વધારે રહે તે જરૂરી છે જેથી તેના ઉપર કોઈપણ નિવેદન કરવા જોઈએ નહીં. બેંક અધિકારી પણ આ બાબતને માને છે કે બજારમાં લખવામાં આવેલા નોટની સંખ્યા ખૂબ વધારે છે.

## અણ્ણાના ઝૂંબેશથી નવી શરૂઆત થઈ : રાષ્ટ્રપતિ

નવી દિલ્હી,તા. ૧૯

સીમાચિન્હરૂપી લોકપાલ બિલને સંસદે લીલીઝંડી આપ્યાના રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ આજે કહ્યુ હતુ કે સામાજિક કાર્યકર અણ્ણા હજારેની ચળવળના કારણે લોકશાહીમાં એક નવી શરૂઆત થઈ છે. તેમણે એમ પણ



કહ્યુ હતુકે લોકશાહી આના કારણે વધારે મજબુત થશે. ઈન્ટેલિજન્સ બ્યુરોના એક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિએ આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે લોકશાહીનો મતલબ નિયમિત સમયગાળામાં ચૂંટણી અને સરકારની કામગીરીની સમીક્ષામાં છે. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. ૧૦ વર્ષ અગાઉ કોઈ પણ વ્યક્તિ સામાજિક પ્રવૃત્તિ અંગે વિચારણા કરતી ન હતી. બિન સરકારી સંસ્થાઓની પણ હવે નોંધ લેવાવા લાગી છે. અણ્ણા હજારે ચળવળથી નવી દિશા મળી છે. લોકપાલ બિલને લઈને અણ્ણા હજારે છેલ્લા બે વર્ષથી ઝૂંબેશ ચલાવી રહ્યા હતા. બે વર્ષ અગાઉ અણ્ણાની ચળવળ ખૂબજ ચર્ચાસ્પદ બની હતી. વડાપ્રધાન મનમોહનસિંહે ભ્રષ્ટાચાર વિરોધી ચળવળના વડા સાથે મંત્રણા કરવા ગ્રુપ ઓફ મિનિસ્ટર્સનું નેતૃત્વ કરવા તેમને કહ્યુ હતુ.